## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આજે, પેરા - નોર્મલ ડે છે... એટલે અમે બધી બહેનપણીઓએ સ્પે. ડીશ બનાવી છે... લો આ 'પિંડ-દાન'નાં ભાતનાં ગોળા...!!

# જિલ્લામાં કાળઝાળ ગરમીની અસરથી ૩૭૦ને ૧૦૮ની મદદ લેવી પડી

ગાંધીનગર, તા.૩

ઉતર ભારતના રાજયોમાં પડી રહેલી કાળઝાળ ગરમીની સીધી અસર મધ્ય ભારતના રાજયોમાં પણ નાગરીકોને પરેશાન કરી રહી છે. દેશભરમાં ગરમીને લીધે ૧૬૦થી વધુ લોકોના મોત થયા છે. ત્યારે ગાંધીનગર સહિત રાજયભરમાં ગરમી અને તાપને લીધે નાગરીકોમાં વિવિધ પ્રકારના રોગો અને બિમારીઓ જોવા મળી રહી છે. ગરમીને લીધે ગુજરાતમાં એક જ માસ દરમિયાન ૧૦૮ ને ૧૮૩૪૮ કોલ મળ્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં અલગ અલગ બિમારીના ૩૭૦ જેટલા બનાવો નોંધાવા પામ્યા છે. જેમાં પેટમાં દુખાવો થવો અને બેભાન થવાના સૌથી વધુ અનુક્રમે ૬૪ અને ૭૭ કેસો નોંધાયા છે.

ઉનાળાના પ્રારંભે જ શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. નગરજનો શરુઆતમાં જ આટલી ગરમી પડી રહી છે તો આગામી દિવસમાં કેવી ગરમી પડશે તેના વિચાર માત્રથી ફફડી ઉઠે છે. શહેરના નાગરીકો ગરમીથી ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે અને ગરમીથી બચાવ ઘરમાં એસી, કુલર,પંખા ચાલુ કરીને ગરમીથી રાહત મેળવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાંથી ગરમીને કારણે પેટમાં દુખાવો થયો હોય તેવા -૬૪, હાઈબીપી-લો બીપી ના કેસ -૨૬, છાતીમાં દુખાવો ઉપડયો હોય તેવા - ૬૨, નાકમાંથી લોહી નીકળતા-૧ દર્દી તેમજ ગરમીને પગલે ચકકર આવ્યા હોય તેવા -૨૫ તેમજ ચકકરથી પડી જવાના -૫૪, જયારે સૌથી વધુ બેભાન થવાના બનાવો બન્યા છે. ગાંધીનગરમાંથી એપ્રલીમાસમાં ૧૦૮ ને કુલ-૩૭૦ કોલ મળ્યા હતા. તમામ દર્દીઓને નજીકની હોસ્પિટલ તેમજ ૧૦૮માં દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.

# મુક્તિધામ ખાતે રક્ષિત અબોલ પશુ પંખીઓને ગરમીથી બચાવવા વિશેષ વ્યવસ્થા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના અંતિમ ધામ મુકિતધામ ખાતે સ્મશાન ઉપરાંત એક સ્વૈચ્છિક રીતે નાનું પ્રાણી સંગ્રહાલય ઉભું થઈ જવા પામ્યું છે. આ પ્રાણીઓમાં સસલા, ઈમુ, લવબર્ડસ, કૂકડા-મરઘાં, કૂતરા તથા એક ગાયનો સમાવેશ થાય છે. આ પ્રાણીઓ કોઈને કોઈ રેસ્કયુ ઓપરેશન દરમિયાન બચાવીને અહીં લવાયા છે જેને માત્ર જીવદયાના ધોરણે પાળવામાં આવી રહ્યા છે. આ પ્રાણીઓ માટે ઉનાળાની કાળઝાળ ગરમીથી તેમને બચાવવા મુકિતધામના કર્મચારીઓ દ્વારા વિશેષ કાળજી લેવાઈ રહી છે. જેમાં તાપથી બચવા ગ્રીનશેડથી લઈને પાણીનો છંટકાવ અને તાજા લીલા શાકભાજીની વ્યવસ્થા સુધીનો સમાવેશ થાય છે.

મુકિતધામ ખાતે આશ્રય મેળવી રહેલા પ્રાણીઓમાં ૨૫૦થી વધુ સસલાં, ૬ ઈમુ પક્ષી, ૬ ઓસ્ટ્રેલિયન લવબર્ડસની જોડી, ૧૫ કૂકડા-મરઘાં, ૩ કૂતરા તથા ૧ વિકલાંગ ગાયનો સમાવેશ થાય છે. આ પ્રાણીઓને ઉનાળાની કાળઝાળ ગરમીના પ્રકોપથી બચાવવા મુકિતધામના કર્મચારીઓ દ્વારા ખાસ રીતે કાળજી લેવાઈ રહી છે. આ પ્રાણીઓ માટે સ્પેશિયલ ગ્રીન શેડની વ્યવસ્થા કરવામાં આવી છે જેથી તેમનું સૂર્યના સીધા આવતા અલ્ટ્રા વાયોલેટ કિરણોથી રક્ષણ કરી શકાય. આ ઉપરાંત પાણીઓ પર દિવસમાં એક વાર પાણીનો છંટકાવ કરવાથી માંડીને જયાં રખાયા છે ત્યાં પણ પાણી છાંટી માટીને ભીની કરાયછે જેથી ઠંડક ભર્યું વાતાવરણ બની રહે. આ તમામ વ્યવસ્થા દરમિયાન પાણીનો બગાડ ના થાય તે રીતે છંટકાવ પધ્ધતિથી મર્યાદિત જથ્થામાં પાણીનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ સાથો સાથ અબોલ પ્રાણીઓને ગરમીથી બચાવી જીવદયા દાખવવામાં આવે છે.

આ પ્રાણીઓના ખોરાક માટે પણ ખાસ ધ્યાન રાખવામાં આવે છે જેમાં તાજા લીલા શાકભાજી જેવા કે કોથમીર, કાકડી, ટામેટા અને કોબીજના પત્તાની વ્યવસ્થા કરવામાં આવે છે આ તમામ શાકભાજી સાફ કરીને પશુ પક્ષીઓને ખવડાવાય છે. આ ઉપરાંત કૂતરાઓ માટે છાશની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. આમ મુકિતધામમાં રક્ષિત અબોલ જીવો પ્રત્યે અનેરી અનુકંપા દાખવી તેના સંચાલકો સહિત કર્મચારીઓ જીવદયાનું પ્રેરક ઉદાહરણ પુરું પાડી રહ્યાં છે.



**સૂર્યના તડકાથી બચાવા ગ્રીન શેડ કરાયો : ખોરાકમાં તાજા લીલા શાકભાજીની વ્યવસ્થા : કૂતરાઓને છાશ પીવડાવાય છે**



(તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરમાં રેપીડ એકશન ફોર્સની ઠેર ઠેર મોકડ્રીલ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશનની હદમાં એક અઠવાડીયા માટે ઠેર ઠેર આર.એ.એફ. દ્વારા ફલેગ માર્ચ કરવામાં આવી રહી છે. જિલ્લામાં કોઈ અસામાન્ય સંજોગો ઉભા થાય તો તે સ્થિતિમાં મદદ માટે આવતી રેપીડ એકશન ફોર્સ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિથી તથા પોલીસ અને વહીવટીતંત્રથી પણ વાકેફ હોય તે જરૂરી છે તેથી આર.એ.એફ. દ્વારા ફલેગ માર્ચનું આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું જિલ્લા પોલીસ અધિક્ષકે જણાવ્યું છે.

અમદાવાદની આર.એ.એફ. પ્લાટુન દ્વારા આસીસ્ટન્ટ કમાન્ડન્ટ અર્પણકુમારની આગેવાની હેઠળ ગાંધીનગર જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનની હદમાં એક અઠવાડિયા માટે ફલેગ માર્ચ કરવામાં આવી રહી છે. આ પ્રકારની કવાયત દ્વારા ગાંધીનગર જિલ્લામાં અસામાન્ય સંજોગોમાં કોઈ હુલ્લડ કે કુદરતી હોનારતના સમયે જિલ્લા પોલીસની મદદમાં આર.એ.એફ.ની જરૂરત પડે તો તેઓ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ તેમજ જિલ્લા પોલીસ તંત્ર તથા વહીવટી તંત્રથી વાકેફ થાય તે હેતુથી આ પ્રકારની મોકડ્રીલ રાખવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા આરએએફની રાયોટ કંટ્રોલ તથા એમ્યુનેશનલ ફાયર ડેમોસ્ટ્રેશનમાં આ કવાયતમાં સાથે રહી જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# આજે ભાજપની મહત્વની બેઠક

ભાજપ પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, પ્રદેશ પ્રમુખશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને ભાજપના પ્રદેશ હોદેદારશ્રીઓ અને ૩૩ ગ્રામ્ય અને ૮ મહાનગરના એમ કુલ ૪૧ જીલ્લા/મહાનગરના ભાજપા પ્રમુખશ્રીઓની બેઠક તા. ૪-૫-૨૦૧૬ને બુધવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે મળશે.

ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે યોજાનારી આ બેઠકમાં રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી તેમજ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગુજરાત પ્રભારી શ્રી ડૉ. દિનેશજી શર્મા વિશેષ ઉપસ્થિત રહેશે.

## ખૂણે ખાંચરેથી...

● સચિવાલયમાં નાયબ સેકશન અધિકારીઓમાંથી સેકશન અધિકારી તરીકે માત્ર ૧૨ જ પ્રમોશન અપાતાં કર્મચારીઆલમમાં આ બાબતે ભારે ચર્ચા જગાવી છે.

● જુના સચિવાલય સંકુલમાં ગઈકાલે સાંજે પાંચ વાગે લાઈટ ડુલ થઈ જતાં કર્મચારીઓ ત્રાહિમામ્ પોકારી ગયા હતા.

● ગાંધીનગર મનપાની ચૂંટણી બાદ હવે મેયરની વરણીને લઈ શહેરના તમામ ચોરે ને ચૌટે ચર્ચાનો દોર ચાલી રહ્યો છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યોને હવે ઓળખપત્ર આપવામાં આવશે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પણ હવે આધાર કાર્ડ આપવાની કામગીરીનો આરંભ થઈ ગયો છે. ગ્રામ્ય વિસ્તારના રહીશોને આનો સીધો લાભ પ્રાપ્ત થશે.

● ગાંધીનગર શહેરમાં પથિકાશ્રમ સર્કલ ખાતે મુકાયેલ એલ.ઈ.ડી. ટી.વી. સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ખાતાકીય પસંદગી સમિતિની બેઠક બાદ પણ બઢતીની કાર્યવાહી ના થતાં કર્મચારીઓમાં થોડીક નિરાશા વ્યાપી જવા પામી છે.


